ટેન્ડર ફોર્મ ફી રૂા.૭૦૮/–
ઈએમડી રૂા.૨૫,૦૦૦/–

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

કેન્ટીન ચલાવવા માટેનું વાર્ષિક ટેન્ડર

ટેન્ડર ફોર્મ

## વર્ષ:– ૨૦૨૨–૨૩

# <u>ટેન્ડર ભરનાર ઈજારદારની માહિતી</u>

(૧) ટેન્ડર ભરનારનું નામઃ–

..........................................................................

(૨) સરનામું :–

..........................................................................

..........................................................................

(૩) ટેલીફોન નં.(ઓફિસ)

..........................................................................

(૪) મોબાઈલ નબર

..........................................................................

(૫) સંસ્થાની માલિકી :પેઢી/ભાગીદારી/કંપની

........................................................................

(૬) ભાગીદારી પેઢી હોય તો ભાગીદારીના તથા કંપની હોય તો કંપનીના ડિરેકટરોના નામ / સરનામા દર્શાવવા

..........................................................................

..........................................................................

(૭) સંસ્થા નોધણી નં.(સંસ્થાની નોધણીના પ્રમાણણત્રની નકલ સામેલ કરવી.)

..........................................................................

(૮)ઈન્કમટેક્ષ કાર્ડ નં.( પાન કાર્ડની નકલ સામેલ કરવી.)

.........................................................................

(૯)જી.એસ.ટી. નંબર (નોધણીના પ્રમાણપત્રની નકલ સામેલ કરવી.)

........................................................................

(૧૦) બેંકની માહિતી અને સરનામું.

.......................................................................

નોધઃ– ઉપર મુજબ જરૂરી દસ્તાવેજોની પ્રમાણીત નકલ જોડવી અન્યથાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ/રદ કરવામાં આવશે.

| | |
|---|---|
| સ્થળઃ | ટેન્ડર ભરનારની |
| તારીખઃ | સહી તથા સિકકા |

# સંમતી પત્ર

પ્રતિ,
કુલસચિવશ્રી,
કચ્છ યુનિવર્સિટી,
ભુજ–કચ્છ.

શ્રીમાન,

આથી અમો યુનિવર્સિટીના ઉપયોગ માટે **કેન્ટીન ચલાવવા** માટેના વાર્ષિક ટેન્ડર અંતર્ગત ભાવ આ સાથે મોકલીએ છીએ. ટેન્ડરમાં દર્શાવેલ બધી જ શરતો વાંચી અને સમજી છે. જે તમામ શરતો અમને કબુલ મંજુર છે.ટેન્ડરમાં દર્શાવેલ શરતોના પરીપાલનમાં અમોથી કોઈ કસુર થશે તો અમોએ ભરેલ **સિક્યોરીટી ડિપોઝીટ** જપ્ત કરવામાં આવશે તે અંગે અમને વાંધો નથી અને આ અંગે અમો કોઈ કેસ કે ભરીયાદ કરવાના હકકદાર નથી.

ટેન્ડડ ફોર્મ સીલબંધ કરવમાં સમય મર્યાદામાં મોકલવાના રહેશે.

ટેન્ડર ફી રૂા ૭૦૮/– તથા ઈ.એમ.ડી.રૂા ૨૫,૦૦૦/– રજીસ્ટ્રાર કચ્છ યુનિવર્સિટીના નામનો જોડવાનો રહેશે.

**પેઢીનું નામ :–**

..............................................................

**સરનામું :–**

..............................................................

..............................................................

**સહી : –**

..............................

**તારીખ:–**

..............................

**સ્થળ :–**

..............................

**ટેન્ડર ભરનારની**
**સહી તથા સિકકા**

**<u>યુનિવર્સિટી કેમ્પસ પર કેન્ટીન ચલાવવા માટે નીચે મુજબની શરતો નિયત કરવામાં આવી છે.</u>**

(૧) કચ્છ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રસ્થાપિત કેન્ટીનમાં કોન્ટ્રાકટર દ્વારા ચા–નાસ્તો, પીણા, આઈસ્ક્રિમ,ચોકલેટ વગેરે આઈટમો વેચાણ કરવાનું રહેશે.

(૨) યુનિવર્સિટી દ્વારા વિજળીની સુવિધા સાથે સ્થળ આપવામાં આવશે.પરંતુ વિજળી અને પાણી વપરાશ ખર્ચ અને સ્થળનું સમગ્ર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટરે પોતે કરવાનું રહેશે.

(૩) કેન્ટીનની સેવા કામકાજના દિવસો તથા સમય દરમ્યાન આપવાની રહેશે.તેમજ ખાસ આવશ્યકતા અનુસાર ચોકકસ દિવસે,સમયે અને સ્થળે પણ યુનિવર્સિટીના કાર્યક્રમો અને મિટીગોમાં કેન્ટીની સેવા પુરી પાડવાની રહેશે.

(૪) યુનિવર્સિટી અથવા તેમના સલાહકાર તરીકે જેમને અધિકાર આપ્યો હોય તેવી વ્યકિતઓને ખાદ્ય પદાર્થોની ગુણવતા અને તપાસ કરવાનો અધિકાર રહેશે અને તે હેતું અર્થે તેઓને કેન્ટીન રસોડું,સ્ટોરરૂમ વગેરે જગ્યાએ દાખલ થવાનો અને નિરીક્ષણ કરવાનો તથા માનવિય આરોગ્ય માટે હાનિકારક હોય તેવા ખાદ્ય પદાર્થો દુર કરવાનો પણ અધિકાર રહેશે.

(૫) સર્વે પદાર્થો આરોગ્યપ્રદ રીતે તથા માખીઓ વગેરે જંતુઓ ન બેસે તેવી રીતે રાખવાનો રહેશે.

(૬) કેન્ટીન માટે કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે કાર્યક્ષમ,કુશળતા ધરાવતા સારૂ ચારીત્ર્ય અને શરીર સ્વાસ્થય ધરાવતા કર્મચારીઓ રાખવાના રહેશે અને તેમને વ્યાજબી પોશાક આપવાનો રહેશે.વ્યાજબી કારણોસર અગર કોઈ ફરીયાદ આવ્યેથી યુનિવર્સિટી કેન્ટીનના કોઈ પણ કર્મચારી કે વેઈટરને નોકરી માંથી દુર કરવા બંધાયેલ રહેશે.

(૭) કેન્ટીનમાં રાખવાની વસ્તુઓના મેનુ(લિસ્ટ) આ સાથે સામેલ છે.જેમા દર્શાવેલ દરેક વસ્તુઓ તેના જે તે યોગ્ય નકકી જથ્થામાં અને નકકી ગુણવતામાં દરેક વિદ્યાર્થીને મળી રહે તેમ પ્રબંધ રાખવાનો રહેશે.આ અંગે કવોલીટી, જથ્થો,માપ વગેરે અંગે યુનિવર્સિટીના અધિકારીઓ ગમે ત્યારે તપાસ લઈ શકશે અને ક્ષતિઓ જણાતાં યુનિવર્સિટી નકકી કરે તે શિક્ષાત્મક પગલા લઈ શકશે.

(૮) કેન્ટીનમાં કામ સિવાય કોઈએ બેસવું નહી તે પ્રકારનું બોર્ડ બનાવીને મુકવાનું રહેશે.

(૯) કોન્ટ્રાકટર દ્વારા પંચાયત,મ્યુનિસિપાલિટી કે સરકારશ્રીના કેન્ટીન અંગેના કાયદા કાનુન કે નિયમોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે. કેન્ટીન અંગે સર્વે પ્રકારની ફી, વેરા, દંડ, પગાર, પ્રોવિડન્ડ ફંડની રકમ કપાત અને ફાળો વગેરે તમામ નાણાકીય અને કાનુંની જવાબદારી કોન્ટ્રાકટરના શિરે રહેશે.

(૧૦) કોન્ટ્રાકટરે કેન્ટીનના હેતુ માટે તેમને ફાળવવામાં આવેલી જગ્યા યુનિવર્સિટીને સંતોષ થાય તે રીતે સ્વચ્છ રાખવાની રહેશે અને આ હેતુ અર્થે જંતુનાશક દાવઓ છંટાવી સ્વચ્છ અને ચોખ્ખી કેન્ટીન રાખવાની રહેશે.

(૧૧)કચરો રાખવા માટે કોન્ટ્રાકટરે જયાં ત્યા ગંદકી ન થાય તે રીતે એકજ જગ્યાએ કચરા પેટી,વોશબેસીન,લેવેટરીન ઉપયોગ કરવાનો રહેશે. તથા તેનો તાત્કાલીક નીકાલ કરવાનો રહેશે અને યુનિવર્સિટીના મકાનોમાં કોઈપણ પ્રકારનો ઉપદ્રવ ન થાય તે અંગે કાળજી લેવાની રહેશે.

(૧૨)કેન્ટીનનો સમય સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી નો રાખવાનો રહેશે.જેમાં કુલસચિવશ્રીની મંજુરીથી જરૂરીયાત અનુસાર ફેરફાર કરી શકાશે.કોન્ટ્રકટરે કેન્ટીનમાં કામે રાખેલા કર્મચારીના નામ સરનામાંની વિગતો પાસપાર્ટ સાઈઝના ફોટા સાથે સલામતીના હેતુસર યુનિવર્સિટીને આપવાના રહેશે.તથા સ્ટાફના ફેરફાર અંગે વખતો વખત વિગતો મોકલવાની રહેશે.

(૧૩) યુનિવર્સિટીએ કોન્ટ્રાકટરને કેન્ટીનના હેતું માટે આપેલી જગ્યા ઉપર કોન્ટ્રાકટરનો કોઈ હકક કે હિસ્સો રહેશે નહી. સદરહુ જગ્યાની જાળવણી અંગેની સંપૂણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

(૧૪) કેન્ટીન અંગે કોઈ હક, હિસ્સો,ભાગ કે હિત કોન્ટ્રાકટર અન્ય વ્યકિતને તબદિલ કરી શકશે નહી. અન્ય કોઈને એસાઈન કરી શકશે નહી કે તેના અન્ય કોઈ રીતે ભાગ નિકાલ કરી શકશે નહી કોન્ટ્રાકટર યુનિવર્સિટીની મંજુરી વગર પોતાના હકક,હિસ્સો,ભાગ કે અન્ય કોઈને ફેર બદલી કરે તેવા ભાગીદાર રાખી શકશે નહી.

(૧૫)કોઈપણ નિયમોનો ભંગ કોન્ટ્રકટર દ્વારા થશે અને કોન્ટ્રાકટર નિયમોનું પાલન કરવામા નિષ્ફળ જશે તેવું યુનિવર્સિટીને જણાશે તો કોન્ટ્રાકટરને ૧૦ દિવસની લેખિત નોટીસ આપી કોન્ટ્રાકટ રદ કરવાનો યુનિવર્સિટીને અધિકાર અબાધિત રહેશે અને આ અંગે કોન્ટ્રાકટર કોઈપણ જાતનો વળતર માટેનો કે અન્ય કોઈ દાવો યુનિવર્સિટી સામે કરી શકશે નહી કે તેઓ તે માટે હકકદાર રહેશે નહી. નિયમભંગને કારણે કોન્ટ્રાક રદ કરવામાં આવે ત્યારે કોન્ટ્રાકટરે ભરેલ ડિપોઝીટ જપ્ત કરવાનો યુનિવર્સિટીનો અધિકાર અબાધિત રહેશે.

(૧૬)કોન્ટ્રાકટરને આપવાની કોઈપણ નોટીસ જો તેમના કોઈપણ કર્મચારીને કેન્ટીનના ચાર્જમાં હોઈ અને તેમને આપવામાં આવે તો પણ યોગ્ય રીતે બજવણી ગણાશે અથવા કોન્ટ્રાકટરે દશાવેલ સરનામે પાસ્ટ દ્વારા નોટીસ મોકલવામાં આવે તો પણ તે યોગ્ય રીતે બજાવેલી ગણાશે.

(૧૭)જો કોઈપણ સમયે નોટીસ દ્વારા કે કરારનો સમય પુરો થવાના કારણે આ કરારનો અંગ આવે તો કોન્ટ્રકટરે તેમને આપવામાં આવેલ જગ્યાનો સારી સ્થિતીમાં અને કોઈપણ જાતના નુકશાન વગર કબજો યુનિવર્સિટીને આપવાનો રહેશે.

(૧૮) યુનિવર્સિટી કેન્ટીન માટે પાણી પુરુ પાડી શકે તેમ ન હોય ત્યારે કોન્ટ્રાકટરે આ અંગેની વ્યવસ્થા પોતાના ખર્ચ પોતે કરવાની રહેશે.

(૧૯) કેન્ટીન કોન્ટ્રાકટરે ડુપ્લીકેટ પાના અને કાર્બન પેપર સાથે એક ફરીયાદ પોથી રાખવાની રહેશે અને દિવસના અંતે આ ફરીયાદ પોથી યુનિવર્સિટી પાસે રજૂ કરવાની રહેશે જો કોઈ ફરીયાદ લખવામાં આવે હોય તો તેની અસલ નકલ પોતાની પાસે રાખશે અને ફરીયાદ પોથી તેમાં ડુપ્લીકેટ નકલો સાથે કોન્ટ્રાકટરને રેકર્ડ માટે તથા જરૂરી પગલા લેવા માટે પરત કરશે. વારંવાર આવી અનેક ફરીયાદો આવશે તો કોન્ટ્રાકટર તાત્કાલીક અસરથી રદ કરવાની યુનિવર્સિટી ફરજ પાડી શકશે.

(૨૦)કેન્ટીનમાં નકકી કરેલી યાદી મુજબની આઈટમોનું એક વાનગી રજીસ્ટર બનાવી તેમાં બનેલી વાનગીની તારીખ વાર નોધ કરવાની રહેશે અને તેમા કેન્ટીન કોન્ટ્રકટર/મેનેજરની સહીથી યુનિવર્સિટીમાં વિભાગીય અધિકારીની ખરાઈ માટે સહી લેવાની રહેશે.

(૨૧)કેન્ટનમાં જરૂરી એવા યુટીલીટી સાધનો જેવા કે જુદા જુદા પ્રકારના ફ્રિઝ, ઓવન, આર.ઓ.સિસ્ટમ,વોટર કુરલ,ફ્નીર્ચર,ક્રોકરી,વાસણો અને રોજીદા વપવાશની સાધન સામગ્રી તથા ગેસ વગેરે કોન્ટ્રાકટરે વસાવવાના રહેશે.પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા પણ કોન્ટ્રાકટરે જ કરવાની રહેશે.

(૨૨)કેન્ટીનની અંદર ભાવબોર્ડ લગાવવું ફરજીયાત રહેશે.(ભાવપત્રક બનાવવું)

(૨૩)કોન્ટ્રકટરે રૂા.૨૫૦૦૦/– (પચ્ચીસ હજાર પૂરા) ડિપોઝીટની રકમ આપવાની રહેશે.જેમાથી યુનિવર્સિટી કોઈપણ જાતનું નુકશાન ,તથા બાકી ભાડું અથવા દંડ વસુલ કરી શકશે.

(૨૪)કોન્ટ્રાકટરે ટેન્ડર મંજુર થયેલ દર માસે માસીક મકાન નિભાવ ચાર્જ પેટે ૫૦૦૦/– + (૧૮% જી.એસ.ટી.) યુનિવર્સિટીમાં જમા કરાવવાનો રહેશે.

(૨૫)કેન્ટીનમાં ખુટખા,સીગારેટ,પાન મસાલા,તમાકુની બનાવટો કે સરકારશ્રી/કાયદાની રીતે પ્રતિબંધિત કોઈપણ પ્રકારની ચીજો રાખી શકશે નહી.

(૨૬)કોન્ટ્રકટરે યુનિવર્સિટીના મકાનને કોઈપણ જાતનું નુકશાન થાય તો તે ભરપાઈ કરવાનું રહેશે.થયેલ નુકશાનની કિમત કુલપતિશ્રી જે ઠરાવે તે રકમ કોન્ટ્રાકટરે ભરપાઈ કરવાની રહેશે.

(૨૭) તેલ,ઘી,મરી,મસાલા વગેરે આઈટમ ઉચ્ચ ગુણવતાવાળા અને સ્વસ્થ્યવર્ધક વાપરવા ફરજીયાત છે.તેલ કપાસીયા અને સીંગતેલ વાપરવાનું રહેશે.

(૨૮) કેન્ટીનમાં નોકરો તથા રસોઈયા પુખ્ય વયના રાખવાના રહેશે. તેઓ ચોખ્ખા તથા સ્વચ્છ વસ્ત્રો પહેરે તથા તેમનું મેડિકલ ચેક–અપ સમય સમય પર કરાવતા રહેવું તેનું કોન્ટ્રાકટરે ધ્યાન રાખવાનું રહેશે.

(૨૯)કોન્ટ્રાકરે મંજુરી મળેથી ૧૫ દિવસમાં કેન્ટીન શરૂ કરવાની રહેશે.

(૩૦)કોન્ટ્રાકટના સમય દરમ્યાન કોઈપણ વસ્તુનો ભાવ–વધારો આપવામાં આવશે નહી અને નકકી કરેલ મેનુ અમલમાં મુકવામાં આવશે.

(૩૧)કેન્ટીનમાં રાખવામા આવતા ઠંડા પીણા અને અન્ય કંપની પ્રોડકટના ભાવ તેની અધિકતમ છુટક કિમતથી વધુ લઈ શકાશે નહી.

(૩૨)કોન્ટ્રાકટરે નકકી થયેલ ભાવો દર્શાવતુ મોટું બોર્ડ પેઈન્ટ કરાવીને કેન્ટીનમાં મુકવાનુ રહેશે.

(૩૩)મકાનનો કબજો પરત સોપતી વખતે મકાન તથા ફર્નીચર ફીટીગ વગેરે દરેક વસ્તુઓ જોડેલ અથવા છુટી જેમ હતી તેમ પરત કરવાની રહેશે.

(૩૪) નિયત કરેલ ગુણવતા જાળવવામાં નહી આવે તો યુનિવર્સિટી દ્વારા દંડ કરવામા આવશે.

(૩૫) ભાવ–પત્રક ભરનારને ભાવ–પત્રકમાં સહી કરવી,સહી કર્યા વટરનું ભાવ–પત્રક કે છેકછાક કરેલું ભાવ–પત્રક સ્વીકારવામાં આવશે નહી. ભાવ–પત્રકમા ભાવ સુચવ્યા અક્ષરોમાં ભરવા.

(૩૬)આ કરારથી ઉપસ્તિ થતા કોઈપણ વિવાદના નિરાકરણ માટે લવાદ નિમવાની સતા કુલપતિશ્રીની રહેશે.

(૩૭)ટેન્ડર અંગેના કોઈપણ પ્રશ્નોના નિકાલ કરવાની આખરી સતા કચ્છ યુનિવર્સિટીની રહેશે.

(૩૮)કેન્ટીન અંગેના તમામ નિયમો અને હવે પછી યુનિવર્સિટી તરફથી અવારનવાર થતાં નિયમોના ફેરફારો કોન્ટ્રાકટરને બંધનકર્તા રહેશે અને તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૯)ટેન્ડરની મુદત એક વર્ષની રહેશે.યુનિવર્સિટી ઈચ્છશે અને કામગીરી સંતોકારક જણાય તો ટેન્ડર વધુ એક વર્ષ માટે લંબાવી શકશે.

**ઉપર મુજબની શરતોનું પાલન પાર્ટી નહી કરે તો ડિપોઝીટ જપ્ત કરવાની,બ્લેક લીસ્ટમાં મુકવાની સંપૂર્ણ સતા કચ્છ યુનિવર્સિટીના સક્ષમ અધિકારીને અબાધિત રહેશે.**

---

આથી અમો કબુલાત આપીએ છીએ કે, તમામ શરતો અને સુચનાઓ અમોએ બરાબર પુરેપુરી વાંચી/સમજી છે. અમોએ તે તમામ શરતો અને સુચનાઓ દરેક પ્રકારે સંપૂર્ણ કબુલ મુજુર તથા બંધનકર્તા છે. જે બદલ આથી નીચે સહી કરી ટેન્ડર રજુ કરેલ છે.

પાર્ટીની સહી
પુરૂ નામ,અને સરનામું
તથા ફર્મનો સિકકો

સ્થળ:–

તારીખ:–

**ખાસ નોધઃ–**

FSSA/2006 અને અન્વયેના નિયમો અંતર્ગત યુનિવર્સિટીની કેન્ટીન અને મેસમાં ફોર્ટીફાઈડ સ્ટેપલર ફુડનો ઉપયોગ કરવાનો રહે છે. આ અન્વયે ફુડની સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ ની જોગવાઈ અનુસાર ગુજરાત રાજયના નાગરીકોને ફુડ ઉપભાગ કરવા માટે પ્રેરીત કરવાની ઝુંબેશના ભાગરૂપે કમિશ્નર ઓફ ફુડ સેફટી કમિશ્નર કચેરી ખોરાક અને ઔષધ નિયમન તંત્રના પત્રક્રમાંકઃFSS/FORTIFIEDFOOD/2019/50068-2103 તા.૨૧/૫/૨૦૧૯ના પત્રથી યુનિવર્સિટીમાં ચાલતી કેન્ટીન તથા મેસ દ્વારા પીરસાતા ભોજનના રો–મટીરીયલ તરીકે કોર્ટીફાઈટ રાઈસ, ડબલ ફોર્ટીફાઈડ એડીબલ ઓઈલ ,ફોર્ટીફાઈડ મીલ્ક તથા ફોર્ટીફાઈડ આટાનો જ ઉપયોગ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને આપવામાં આવતાં રોજબરોજના ભોજનમાં જરૂરી માઈક્રોન્યુટ્રીયન્ટ/પોષક તત્વો અનિવાર્યપણે જળવાળ રહે તે જોવાની જવાબદારી આપશ્રીની રહેશે.

અત્રેની યુનિવર્સિટીમાં ચાલતી કેન્ટીન તથા મેસ દ્વારા પીરસાતા રો–મટીરીયલ તરીકે કોર્ટીફાઈડ રાઈસ,ડબલ ફોર્ટીફાઈડ એડીબલ ઓઈલ, મીલ્ક તથા ફોર્ટીફાઈડ આટાનો જ ઉપયોજ કરવામાં આવેજેની અમલવારી આપશ્રી દ્વારા કરવામાં આવે. જેથી વિદ્યાર્થીઓને આપવામાં આવતા રોજબરોજના ભોજનમાં જરૂરી માઈક્રોન્યુટ્રીયન્ટ/પોષક તત્વો અનિવાર્યપણે જળવાળ રહે. આ બાબતની ખાસ તકેદારી રાખવાની રહેશે.જેની ગંભીરતાથી નોધ લેવી.

- **કેન્ટીનનું ટેન્ડર ભરનાર પાર્ટી ફુડ લાયસન્સ ફરજીયાતપણે સાથે જોડવાનું રહેશે.**
- **જી.એસ.ટી. નંબર ,પાન કાર્ડ તથા નોધણી રજીસ્ટર નંબર પણ જોડવાના રહેશે.**
- **ટેન્ડર ફી પરત મળવાપાત્ર નથી.**

**પાર્ટીની સહી**
**તથા ફર્મનો સિકકો**

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## કેન્ટીન વાનગીઓનું ભાવપત્ર

| ક્રમ | વિગત | ભાવ |
|---|---|---|
| | **ગરમ પીણાં** | |
| ૧ | ચા અર્ધી | |
| ૨ | ચા આખી | |
| ૩ | કોફી અર્ધી | |
| ૪ | કોફી આખી | |
| | **ગરમ નાસ્તો** | |
| ૧ | કટલેશ નંગ–૨(ચટણી સાથે) | |
| ૨ | પેટીશ નંગ–૨ (ચટણી સાથે) | |
| ૩ | સમોસા નંગ–૨ (ચટણી સાથે) | |
| ૪ | બટકા વડા (ચટણી સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૫ | ગાઠીયા (ચટણી, મરચાની સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૬ | પાપડી (ચટણી, મરચાની સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૭ | ફાફડા (ચટણી, મરચાની સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૮ | ભજીયા (ચટણી, મરચાની સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૯ | મેંદુ વડા (સંભાર અને ચટણી સાથે) નંગ–૦૨ | |
| ૧૦ | દાળ વડા (સંભાર અને ચટણી સાથે) નંગ–૦૨ | |
| ૧૧ | ઉપમા એક ડિશ | |
| ૧૨ | બ્રેડ–બટર (મોટી બે બ્રડ) | |
| ૧૩ | ખમણ ઢોકળા (સેવ સાથે અને ચાટણી સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૧૪ | સેવખમણી (ચટણી સાથે) – ૧૦૦ ગ્રામ | |
| ૧૫ | સાદા ઢોસા (સંભાર અને ચટણી સાથે) | |
| ૧૬ | મસાલા ઢોસા (સંભાર અને ચટણી સાથે) | |
| ૧૭ | સેન્ડવીચ બે સ્લાઈડ | |

**પાર્ટીની સહી**
**તથા ફર્મનો સિકકો**